PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૫/કવા–૦૧/૧૭–૧૮/ ૩૨૮૫ તા. ૧૬/૦૪/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
નીલેશભાઈ રવજીભાઈ ગોરસીયા,
ગામઃ શાપર (વેરાવળ),
ઉતમ ફોર્જ ની બાજુમા,
શેડ નં.–૨
હિમસન કાર્બન ની પાસે
જીઃ રાજકોટ
મોઃ ૯૯૭૮૩ ૦૧૦૨૮

**વિષય :–બીલીગ કેટેગરી બદલાવવા બાબત**
સંદર્ભઃ– આપની અરજી , તા. ૨૯–૦૩–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૫/કવા–૦૧/૧૭–૧૮)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 4)

04

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, શાપર વેરાવળ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO:. 06 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૦૫/કવા–૦૧/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૩–૦૪–૧૭ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: નીલેશભાઈ રવજીભાઈ ગોરસીયા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, શાપર વેરાવળ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર :શ્રીમતી યુ.વી.પટેલ, ( નાયબ ઈજનેર (ટેક) ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

## : હુકમ :

**ફરીયાદ : બીલીંગ કેટેગરી બદલાવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી નુ જોડાણ નં. : ૮૧૯૦૧/૦૩૭૯૦/૮ (૨૦ કીવો) જે વર્ષો થી, ઓર્દ્યોગીક હેતુ વાળુ, અગાઉ ના એલ.ટી.પી–૩ કેટેગરી મુજબ નુ, એટલેકે હાલ ની એલ.ટી.એમ.ડી કેટેગરી મુજબ નુ જોડાણ છે. આ જોડાણ મા, પીજીવીસીએલ તરફથી રૂ.૮૦,૭૮૫/– ની રીકવરી દર્શાવી – અને જોડાણ ને, એલ.ટી.એમ.ડી કેટેગરી માથી – એન.આર.જી.પી કેટેગરી મા પરીવર્તીત કરેલ છે. આ બાબત, વ્યાજબી ન જણાતા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી નુ જોડાણ નં. : ૮૧૯૦૧/૦૩૭૯૦/૮ ( ઓર્દ્યોગીક – ૨૦ kw ) જે તા.૦૩–૦૭–૧૨ થી રીલીઝ થયેલ છે. ત્યારબાદ, વર્ષ–૨૦૧૧ થી, નામદાર જીઈઆરસી નો ટેરીફ ઓર્ડર અમલવારી મા આવતા, અગાઉ ના ૪૦ kwસુધી ના વીજભાર વાળા ઓર્દ્યોગીક વીજજોડાણો ને, '' એન.આર.જી.પી કેટેગરી હેઠળ '' અને ૪૦ kw થી વધુ વીજભાર ધરાવતા જોડાણો ને, '' એલ.ટી.એમ.ડી કેટેગરી હેઠળ '' તબ્દીલ કરાયેલ છે. આ ટેરીફ ઓર્ડર અમલવારી મા આવતા સમયે, '' અગાઉ ના ૨૦ kw સુધી ના વીજભાર ધરાવનાર ઓર્દ્યોગીક વીજજોડાણકારો એ'' તેમના જોડાણ ની બીલીંગ કેટેગરી '' અગાઉ ના ઓર્દ્યોગીક – એટલેકે હાલ ના એલ.ટી.એમ.ડી કેટેગરી '' મા જ ચાલુ રાખવા અથવા તો '' અગાઉ ના ઓર્દ્યોગીક – એટલેકે હાલ ના એન.આર.જી.પી કેટેગરી '' હેઠળ ચાલુ રાખવા માટે – '' વૈકલ્પીક પસંદગી '' નુ ફોર્મ પીજીવીસીએલ મા ભરપાઈ કરી, અને તે મુજબ,તેમના જોડાણ ની બીલીંગ કેટેગરી નિયત કરવાની બાબત – આવા જોડાણકારો માટે નિયમાધીન હોવા છતા, સદર અરજદાર શ્રી એ, તેઓ શ્રી ના સદર જોડાણ નં. : ૮૧૯૦૧/૦૩૭૯૦/૮(૨૦ kw ) ને, '' અગાઉ ના ઓર્દ્યોગીક – એટલેકે હાલ ના એલ.ટી.એમ.ડી કેટેગરી '' મા – ટેરીફ ઓર્ડર અમલવારી મા આવ્યા તારીખ થી ૩૦ દિવસ ની અંદર, આ મુજબ નુ, '' વૈકલ્પીક પસંદગી '' નુ ફોર્મ પીજીવીસીએલ મા રજુ કરેલ ન હતુ. |
| ૨.૨ | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ના નિયમાધીન અંતર્ગત ના કારણોસર, અરજદાર શ્રી ના સદર જોડાણ નં. : ૮૧૯૦૧/૦૩૭૯૦/૮(૨૦ kw ), કે જેનો વીજભાર ૨૦ kw છે, તે જોડાણ ને, જીઈઆરસી ના પ્રવર્તમાન ટેરીફ મુજબ, એન.આર.જી.પી કેટેગરી હેઠળ બીલીંગ રેકર્ડ મા નિયત જ રખાયેલ હતુ. જેથી, બીલીંગ રેકર્ડ મા સ્થાપિત થયેલ એવા, અરજદાર શ્રી ના સદર ૨૦ kw વીજભાર વાળા સદર એન.આર.જી.પી કેટેગરી હેઠળ વાળા જોડાણ મા, |

| | |
|---|---|
| | જીયુવીએનએલ ચેકીગ ટીમ દ્વારા તા.૧૭–૦૩–૧૭ ના રોજ ની સ્થળ ચકાસણી સમયે, આ ૨૦ kw ના વીજભાર વાળા એન.આર.જી.પી કેટેગરી ના જોડાણ મા, કરારીત ૨૦ kw ના વીજભાર ને બદલે, કુલ ૫૬ kw નો વીજભાર વીજવપરાશી હોવાની બાબત, તા.૧૭–૦૩–૧૭ ની ચેકીગ શીટ : ૪૫૫૭ મા, ચેકીગ ટીમ દ્વારા નોંધાયેલ હતી.જેથી, આ જોડાણ મા બીન અધિકૃત રીતે વધારાના ૩૬ kw નો વીજભાર વીજવપરાશી હોવાની બાબત જણાયેલ હોવાના કારણોસર, સદર કેઈસ મા – બીન અધિકૃત વીજભાર વીજવપરાશી થતો હોવા બાબતે, નિયમાધીન કાર્યવાહી કરવાની ચેકીગ શીટ મા નોંધ થયેલ હતી. |
| <u>૨.૩</u> | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, સદર કેઈસ મા, '' બીન અધિકૃત '' રીતે કરારીત વીજભાર કરતા વધુ વીજભાર નો વીજવપરાશ થતો હોવાની બાબત ને, રેકર્ડ આધારીત રીતે આવરી લઈ અને, સદર કેઈસ મા, નામદાર જીઈઆરસી ના પ્રવર્તમાન રીવાઇઝ્ડ સપ્લાય કોડ ( નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૭.૪૦ (I),(a), તેમજ મુદદા નં. ૭.૪૧ (I), મા કરાયેલ જોગવાઈ મુજબ, પીજીવીસીએલ ની સબંધક શાપર – વેરાવળ પેટા વિભાગીય કચેરી તરફથી, આ બાબત ને અનુલક્ષીને અરજદાર શ્રી ને – '' એન.આર.જી.પી કેટેગરી હેઠળ ના, બીન અધિકૃત વીજવપરાશી એવા વધારાના ૩૬ kw ના વીજભાર '' ની ગણતરી અન્વયે ની રકમ રૂ.૮૦,૭૮૪/– નુ પુરવણીબીલ, જે નિયત એનર્જી બીલ ના ફોર્મ મા ગણતરી કરીને, પત્ર નં. : ૧૪૦૭ તા.૨૫–૦૩–૧૭ થી આપવામા આવેલ છે. સદર કેઈસ વિજધારા –૨૦૦૩ ની કલમ –૧૨૬ અંતર્ગત નો હોય, જે તે સમયે, ફરીયાદી અરજદાર શ્રી ને, '' કલમ –૧૨૬ અંતર્ગત નો કેઈસ હોવા સબંધક અરજદાર શ્રી ને લેખીત જાણકારી મળી રહે, તે માટે – કલમ –૧૨૬ અંતર્ગત ના ફોરવર્ડીગ લેટર હેઠળ પત્ર પાઠવવામા આવેલ ન હતો. જે હવે, વિધીસર નો – કલમ –૧૨૬ અંતર્ગત ના કેઈસ સબંધક નો પત્ર, અરજદાર શ્રી ને, પાઠવી અને નિયમાધીન કાર્યવાહી હેઠળ આવરી લેવામા આવશે. આમ, સદર કેઈસ મા, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ રૂ.૮૦,૭૮૪/– ની રકમ નુ પુરવણીબીલ, જે વિજધારા –૨૦૦૩ ની કલમ –૧૨૬ મુજબ નુ જ હોવા બાબતે નો, તેમજ આ બાબત, નિયમાધીન હોય, યોગ્ય હોવા નો અત્રે તરફથી ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ કરવામા આવે છે. |

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨.૧, ૨.૨ અને ૨.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની સવાલવાળી મુદદા નં. ૧.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની, તેઓ શ્રી ના સદર એન.આર.જી.પી કેટેગરી જોડાણ નં. : ૮૧૯૦૧/૦૩૭૯૦/૮(૨૦ kw ) ના બીલીગ ખાતામા ઉધાર કરાયેલ એવી રૂ.૮૦,૭૮૪/– ની રકમ – જે નામદાર જીઈઆરસી ના પ્રવર્તમાન રીવાઇઝ્ડ સપ્લાય કોડ ( નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૭.૪૦ (I),(a), તેમજ મુદદા નં. ૭.૪૧ (I), મા કરાયેલ જોગવાઈ મુજબ ની જ કાર્યવાહી અંતર્ગત નુ, એટલેકે '' એન.આર.જી.પી કેટેગરી ના, ૨૦ kw ના વીજભાર વાળા જોડાણ મા જ, વધારાના ૩૬ kw '' નો બીનઅધિકૃત એવો વપરાશી વીજભાર – ને આનુષાંગીક છે. |
| <u>૩.૨</u> | ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, પીજીવીસીએલ ની સબંધક શાપર – વેરાવળ પેટા વિભાગીય કચેરી તરફથી, આ બાબત ને અનુલક્ષીને અરજદાર શ્રી ને – '' એન.આર.જી.પી કેટેગરી હેઠળ ના, બીન અધિકૃત વીજવપરાશી એવા વધારાના ૩૬ kw ના વીજભાર '' ની ગણતરી અન્વયે ની રકમ રૂ.૮૦,૭૮૪/– નુ પુરવણીબીલ, જે નિયત એનર્જી બીલ ના ફોર્મ મા ગણતરી કરીને, પત્ર નં. : ૧૪૦૭ તા.૨૫–૦૩–૧૭ થી આપવામા આવેલ છે. |

| | |
|---|---|
| ૩.૩ | ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતો ને, નિયમાધીન અંતર્ગત ની બાબતો ને આધિન રહેતા, પીજીવીસીએલ પક્ષકાર ને, સદર કેઈસ, જે ખરેખર વિજધારા –૨૦૦૩ ની કલમ –૧૨૬ અંતર્ગત નો જણાયેલ છે. પરંતુ, જે તે સમયે, ફરીયાદી અરજદાર શ્રી ને, '' કલમ –૧૨૬ અંતર્ગત નો કેઈસ હોવા સબંધક અરજદાર શ્રી ને લેખીત જાણકારી મળી રહે, તે માટે – કલમ –૧૨૬ અંતર્ગત ના ફોરવર્ડીંગ લેટર હેઠળ પત્ર પાઠવવા ની બાબત નિયમાધીન હોવા છતા, જે તે સમયે, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ને તેઓ શ્રી ના સદર કેઈસ મા, અપાયેલ પુરવણીબીલ, જે ખરેખર વિજધારા –૨૦૦૩ ની કલમ –૧૨૬ ને આનુષાંગીક હોય, તેની વિધીસર ની જાણકારી આપતો, સદર કેઈસ અન્વયે નો, વિજધારા –૨૦૦૩ ની – કલમ –૧૨૬ અંતર્ગત ના કેઈસ સબંધક નો પત્ર, જે અગાઉ અરજદાર શ્રી ને અપાયેલ ન હતો. તે વિધીસર ની, કલમ –૧૨૬ અંતર્ગત ની જાણકારી આપતો ખાસ પત્ર, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી અરજદાર શ્રી ને, તેઓ શ્રી ની જાણકારી હેઠળ પાઠવી અને, અરજદાર શ્રી ને ખાસ જાણકારી આપી, સદર કેઈસ કલમ –૧૨૬ હેઠળ ની, નિયમાધીન કાર્યવાહી હેઠળ આવરી લેવામા આવશે. સદર કેઈસ મા, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ રૂ.૮૦,૭૮૪/– ની રકમ નુ પુરવણીબીલ, જે વિજધારા –૨૦૦૩ ની કલમ –૧૨૬ મુજબ નુ જ હોવા બાબતે નો, અભિપ્રાય ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ને સદર કેઈસ મા, પીજીવીસીએલ તરફથી રજુ કરાયેલ અભિપ્રાય મુજબ નો, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ રૂ.૮૦,૭૮૪/– ની રકમ નુ પુરવણીબીલ, જે વિજધારા –૨૦૦૩ ની કલમ –૧૨૬ મુજબ નુ જ હોવા બાબતે ની પૂર્તતા કરાવતો, લેખીત પત્ર, જે અરજદાર શ્રી ને, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા જ પાઠવવા બાબતે નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૪ | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૩ મુજબ ની વિગતે ની, અરજદાર શ્રી ને, સદર કેઈસ મા, વિજધારા –૨૦૦૩ ની કલમ –૧૨૬ અંતર્ગત ની બાબત, જે પીજીવીસીએલ તરફથી ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સદર રકમ રૂ.૮૦,૭૮૪/–ના પુરવણીબીલ સબબ ની હોવા ની, અરજદાર શ્રી ને, લેખીત પત્ર સાથે ની જાણકારી આપી, અને તે મુજબ કલમ –૧૨૬ ના પુરવણીબીલ સામે, અપીલ કરવા બાબતે નો, અરજદાર શ્રી ને નિયમાધીન હકક રહેલ છે. જેથી, ફોરમ સમક્ષ ની ફરીયાદી અરજદાર શ્રી ની સદર ફરીયાદ અરજી ને જ, અપીલ અરજી ના દરજ્જા હેઠળ આવરી લઈ, અને પીજીવીસીએલ ની ''સક્ષમ એવી વિભાગીય કચેરી / વર્તુળ કચેરી કક્ષાએથી '', અરજદાર શ્રી ને, સદર બીલ સામે ની અપીલ અન્વયે ની પ્રક્રીયા ને આનુષાંગીક એવી, અરજદાર શ્રી ની લેખીત / મૌખીક રજુઆત કરવા માટે, કચેરી માં રૂબરૂ બોલાવી – અને સદર કેઈસ મા કરાયેલ કાર્યવાહી ને – જે નામદાર જીઈઆરસી ના પ્રવર્તમાન રીવાઇઝ સપ્લાય કોડ ( નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૭.૪૦ (I)ના પેટા મુદ્દા (a) – વધુમા વધુ ૧૨ માસ ની મુદત માટે, પરંતુ –હાલ ના સવાલવાળા મીટર ને અગાઉ લગાડયા તારીખ થી હાલ ની ચેકીંગ શીટ થી ઉતાર્યા તારીખ સુધી નો સમયગાળો – પરંતુ, (b)– જોડાણ મા અગાઉ ચેકીંગ થયેલ હોય તે ચેકીંગ થયા તારીખ અને હાલ ના ચેકીંગ શીટ ની તારીખ વચ્ચે નો સમયગાળો, તેમજ (c) – ચેકીંગ કરાયેલ જોડાણ ના સવાલવાળા મીટર નો – ડાઉનલોડ કરાયેલ એમ.આર.આઈ. અહેવાલ મા જણાયેલ, '' વધુ વીજભાર વપરાશી સમયગાળો'' વગેરે મુદ્દાઓ મા કરાયેલ જોગવાઈ અંતર્ગત એવી રેકર્ડ આધારીત બાબતો સાથે મુલવી – અને તે અન્વયે અપાયેલ પુરવણીબીલ ની રકમ ની ગણતરી ના ધોરણ ની રેકર્ડ આધારીત યર્થાથતા / નિયમાધીન વ્યાજબીપણુ નકકી કરીને, અરજદાર શ્રી ની હાજરી મા જ તેઓ શ્રી ની સદર અપીલ બાબતે – પીજીવીસીએલ કક્ષાએથી, સદર કલમ–૧૨૬ ના કેઈસ મા, નિયમાધીન પ્રણાલી અંતર્ગત ન્યાયિક પ્રણાલી અંતર્ગત ની પીજીવીસીએલ કક્ષાની કાર્યવાહી યોગ્ય રીતે કરવા – એટલેકે સદર અપીલ ની કાર્યવાહી, જે '' વિભાગીય કચેરી / ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટ ના કાર્યપાલક ઈજનેર શ્રી / અધિક્ષક ઈજનેર શ્રી ની સક્ષમતા હેઠળ સંપન્ન કરી '' અને સદર અપીલ નો નિકાલ – જે અરજદાર શ્રી ને અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, લેખીત પત્ર પાઠવી, અને દિન–૨૦ મા નિકાલ કરવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.—૪ :**

## હુકમ

| | |
|---|---|
| **૪.૧** | ફરીયાદી અરજદાર શ્રી ને ફોરમ સમક્ષ ની સવાલવાળી મુદદા નં. ૧.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની, તેઓ શ્રી ના સદર એન.આર.જી.પી કેટેગરી જોડાણ નં. : ૮૧૯૦૧/૦૩૭૯૦/૮(૨૦ કીવો) ના બીલીગ ખાતામા ઉધાર કરાયેલ એવી રૂ.૮૦,૭૮૪/– ની રકમ વાળા ફરીયાદ ના સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી કરાયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧, ૩.૨, ૩.૩ મુજબ ની વિગતે વિજધારા –૨૦૦૩ ની કલમ –૧૨૬ અંતર્ગત ની જોગવાઈઓ અન્વયે બીન કાયદેસર ( ગેરરીતી) મુજબ ની છે. આ મુજબ ના વીજધારા–૨૦૦૩ ની કલમ–૧૨૬ અંતર્ગત ના પુરવણીબીલ ની રકમ ની ફરીયાદ ના નિકાલ ની કામગીરી, જે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૨/૨૦૧૧ ના મુદદા નં. ૨.૩૦ (૨) મા કરાયેલ જોગવાઈ મુજબ, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર મા સમાવિષ્ટ નથી. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી અરજી બાબતે, અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રેના ફોરમ તરફથી, ફરીયાદી અરજદાર શ્રી તરફથી મળેલ ઉપરોકત મુદદા નં. ૧.૧ મુજબ ની અરજદાર શ્રી ની ફરીયાદ અરજી, જે અત્રેના ફોરમ કક્ષાંએથી દફતરે કરવામા આવેલ હોવાની જાણકારી, અરજદાર શ્રી ને આપવા સબબ નો , સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ કરાયેલ છે. |
| **૪.૨** | પરંતુ, સદર કેઈસ મા, અપાયેલ પુરવણીબીલ બાબત – જે વીજધારા–૨૦૦૩ ની કલમ–૧૨૬ અંતર્ગત ની બાબત હોવાની, પીજીવીસીએલ તરફથી વિધીસર ની – સદર કેઈસ કલમ–૧૨૬ અંતર્ગત નો હોવા બાબતે ની, પીજીવીસીએલ પક્ષકાર તરફથી અરજદાર શ્રી ને, વિધીસર નો પત્ર આપી અને લેખીત જાણકારી, અગાઉ અપાયેલ ન હોવાના કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ને, સદર કેઈસ મા, ફોરમ સમક્ષ ફરીયાદ અરજી કરવાની ફરજ પડેલ છે. જેથી, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ પુરવણીબીલ – જે સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને, સદર કેઈસ કલમ–૧૨૬ અંતર્ગત નો હોવાની જાણકારી આપતો, લેખીત પત્ર આપવાની બાબત, વિજ વિતરણ કંપની માટે નિયમાધીન જરૂરી અને વ્યાજબી છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ને આ મુજબ નો લેખીત પત્ર, ઉપરોકત મુદદા નં. ૩.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, દિન–૧૦ મા અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પાઠવવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |
| **૪.૩** | આમ, ઉપરોકત મુદદા નં. ૪.૨ ની વિગતો ને આનુષાંગીક રહેતા, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સદર પુરવણીબીલ સામે, ફરીયાદી અરજદાર શ્રી અપીલ અરજી કરવા માટે, ન્યાયિક રીતે હકકદાર છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી નો સદર, ફોરમ સમક્ષ રજુ કરાયેલ એવો કલમ–૧૨૬ અંતર્ગત નો ફરીયાદ કેઈસ – જે, ફરીયાદી અરજદાર શ્રી નો લેખીત / ટેલીફોનીક સંપર્ક કરી – અને ફરીયાદી અરજદાર શ્રી પાસેથી લેખીત અપીલ અરજી ના દરજજા હેઠળ રજુઆત મેળવી અને – સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની અપીલ અરજી નો નિકાલ, જે '' ગ્રામ્ય વિભાગીય કચેરી / વર્તુળ કચેરી રાજકોટ ના કાર્યપાલક ઈજનેર શ્રી / અધિક્ષક ઈજનેર ની સક્ષમતા હેઠળ દિન–૧૫ મા સંપન્ન કરી '' અને તે મુજબ અપીલ ની સુનવણી દરમ્યાન પીજીવીસીએલ ની સક્ષમ કક્ષાએથી કરાયેલ નિર્ણય ની જાણકારી – જે અરજદાર શ્રી ને અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૨૦ મા લેખીત પત્ર પાઠવી, અને તે મુજબ સદર ફરીયાદ કેઈસ નુ નિરાકરણ – જે અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ કરવા સબબ નો – પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(એચ.પી.કોઠારી)**
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..